**વર્કચાર્જડ મહેકમ ઉપરના કર્મચારીઓ**

**સામે શિસ્તાત્મક પગલા લેવા બાબત સૂચના.**

ગુજરાત સરકાર,
સિંચાઇ વિભાગ
પરિપત્ર ક્રમાંક મકમ-૧૧૮૦/૧/છ.૪
સચિવાલય, ગાંધીનગર,
તારીખ, ૨૧-૪-૧૯૮૦

વંચાણમાં લીધો:-

પૂર્વ જાહેર બાંધકામ વિભાગનો તારીખ, ૧૩-૧૦-૧૯૬૯નો પરિપત્ર ક્રમાંક: મકમ-૧૦૬૯-૬૬૫૧૮-૩ છ:૧:

પ રિ પ ત્ર.

વર્કચાર્જડ મહેકમ ઉપરના કર્મચારીઓ, ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ-૨ અન્વયે સરકારી કર્મચારીઓની વ્યાખ્યામા આવતા નથી. આથી વસ્તુતઃ તેઓ સરકારી કર્મચારી ગણાતા નથી અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ તેઓને લાગુ પડતા નથી. જેથી આવા કર્મચારીઓની કોઇ ગંભીર ગેરવર્તણુક અગર ક્ષતિ થઇ હોવાનો પ્રથમ દર્શનીય કેસ જણાય ત્યારે માલીક અને નોકરના સંબંધની રૂએ તેવા કર્મચારી સામે તહોમતનામુ બજાવી તેને બચાવની પુરતી તક આપ્યા બાદ જો તેની સામેનો આરોપ પુરવાર થયાનુ જણાયતો તેને માલિક અને નોકરના સંબંધની રૂએ સરકારી નોકરીમાથી કમી કરવો તેવી સૂચનાઓ પૂર્વ જાહેર બાંધકામ વિભાગના તારીખ, ૧૩-૧૦-૧૯૬૯ના પરિપત્ર ક્રમાંક મકમ-૧૦૬૯-૬૬૫૧૮-૩ છ:૧થી બહાર પાડવામા આવેલ છે.

તેમ છતા પણ સરકારના ધ્યાન પર આવ્યુ છે કે ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થતો નથી. એક કેસમા કાર્યપાલક ઇજનેરશ્રીએ એક કર્મચારી સામે આરોપનામુ બજાવ્યુ હતુ અને તે કર્મચારીએ પોતાનુ બચાવનામુ પણ રજુ કર્યુ હતુ તેમ છતા પણ કાર્યપાલક ઇજનેરશ્રીએ તે કર્મચારીને કોઇપણ જાતનુ કારણ આપ્યા સિવાય સરકારીનોકરીમાથી છૂટો કરવાનો હુકમ કર્યો જે આ કાર્યવાહી નિયમસર નથી.

૨. આવા બનાવોનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી સિંચાઇ વિભાગ હેઠળના બધે અધિક્ષક ઇજનેરશ્રીઓ, ખાતાના અન્ય વડા અધિકારીઓ અને કાર્યપાલક ઇજનેરશ્રીઓને આથી સૂચના આપવામા આવેછે કે વર્કચાર્જડ મહેકમ પરના કોઇપણ કર્મચારી કોઇ ક્ષતિ કે ગેરરીતીમાં સંડોવાયેલ હોવાનુ જણાય કે કોઇ ગં[illegible] રહ

જવાબદાર હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય અને તેમની સામે પગલાં લેવા જેવો કેસ હોવાનું જણાય તો તેમને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય નોકરીમાંથી છૂટા કરવાને બદલે માલિક અને નોકરના સંબંધની રૂએ તેમની સામે તહોમતનામું બજાવીને તથા તેમને બચાવની સંપૂર્ણ તક આપીને જો તેમની સામેનો આરોપ પૂરવાર થયાનું જણાય તો તેને માલિક નોકરના સંબંધની રૂએ સરકારી નોકરીમાંથી બરતરફ કરવો કે છૂટો કરવો. સાથોસાથ એમ પણ જણાવવામાં આવે છે કે તહોમતનામામાં કે છેવટના શિક્ષાત્મક હુકમોમાં ગુજરાત મુલ્કી સેવા : શિસ્ત અને અપીલ: નિયમો ૧૯૭૧ના નિયમોનો કોઈ ઉલ્લેખ કરવો નહીં. આ સૂચનાઓનો દરેક અધિકારીએ ચૂસ્તપણે અમલ કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
જે. . પટેલ,
ઉપસચિવ,
સિંચાઈ વિભાગ,
ગુજરાત સરકાર,